---

**વિરમગામનાં મહે. એડી. સીવીલ જજ સાહેબની અદાલતમાં, મુ.વિરમગામ, જી.અમદાવાદ.**

---

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૧/૦૫/૨૦૧૯ | | |
| રજીસ્ટરે લીધા તારીખ | ૦૧/૦૫/૨૦૧૯ | | |
| ફેંસલ તારીખ | ૨૫ /૦૩/૨૦૨૬ | | |
| સમયગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૬ | ૧૦ | ૨૪ |

**રેગ્યુલર દિવાની દાવા નં. ૬૮/૨૦૧૯**

**આંકઃ–૨૯**

ઉત્તર ગુજરાત વિજ કંપની લી. વતી
નાયબ ઈજનેરશ્રી મૃદંગ જયંતકુમાર
નાયબ ઈજનેરની કચેરી,
વિરમગામ શહેર પેટા વિભાગ કચેરી ,
માંડલ રોડ, તા. માંડલ જી. અમદાવાદ

**::: વાદી**

**વિરુધ્ધ**

**મર્હુમ ઉસ્માનભાઇ હકીમભાઇ વોરાના વારસ**
**અને વીજ જોડાણના ઉપભોકતા**
**મહમંદઈલીયાસ ઉસ્માનગની વોરા**
ઉ.વ.આ. પુખ્ત, ધંધો : વેપાર
રહે. હે. ભરવાડી દરવાજા અંદર વ્હોરાવાડ, મુ.વીરમગામ, જી.અમદાવાદ

**:: પ્રતિવાદી**

------------------------------------

-

દાવો: રૂા.૯૪,૦૩૬–૨૬ પૈસા પ્રતિવાદી પાસેથી વસુલ મળવા...

------------------------------------

વાદી તરફે : વિ.વ.શ્રી એસ.કે.વોરા

પ્રતિવાદી તરફે : વિ.વ.શ્રી એમ.કે.સીંધવ

------------------------------------

**–:: ઠરાવ ::–**

(૧) આ કામનાં વાદીનાં દાવાની ટૂંકમાં હકીકત એવી છે કે, વાદી કંપની ભારતીય કંપની ધારો ૧૯૫૬ અન્વયે અસ્તિત્વમાં આવેલ કંપની છે અને અગાઉ ગુજરાત વિદ્યુત બોર્ડના નામથી વીજ પુરવઠો પુરો પાડવા વિગેરેનુ કાર્ય કરતી કંપનીનો કારભાર અલગ અલગ કંપનીઓમાં વહેંચીને ગુજરાત રાજયમાં જે કંપનીઓ વીજપુરવઠો પુરો પાડવા વિગેરેના આશયથી અસ્તિત્વમાં આવેલ છે તે પૈકીની વાદી કંપની છે વાદી કંપનીની વિરમગામ શહેર પેટા વિભાગની ઓફીસ નામ. કોર્ટની હકુમતના ગામ વિરમગામમાં માંડલ રોડ ઉપર આવેલ છે.

વધુમાં વાદી જણાવે છે કે, આ કામના ગ્રાહક મર્હુમ ઉસ્માનભાઈ હકીમભાઈ વોરાના નામનુ વીજ્જોડાણ ધરાવે છે અને જેનો ગ્રાહક નં .૨૫૬૦૨/૦૨૧૯૯/૦ છે તે ઘરવપરાશના હેતુ માટેના વીજ કનેકશનનો ઉપયોગ આ કામના પ્રતિવાદી વાદી કંપનીની સમંતિ સીવાય કરતા આવેલ છે અને વાદી કંપનીના જુનીયર એન્જીનીયરશ્રી એમ.યુ.મનસુરી તા.૩૦/૦૫/૨૦૧૬ ના રોજ સરપ્રાઈઝ ચેકીંગમાં નીકળેલ ત્યારે આ કામના પ્રતિવાદી તેમના મકાનની બાજુમા આવેલ પોલ ઉપર કાળા રંગનો આશરે ૮ મીટર વાયર હુકીગ કરીને વાયરનો બીજો છેડો મકાનના ધાબા ઉપરથી પસાર કરીને ડાયરેકટ મેઈન લાઈનમા આપીને મીટરને બાયપાસ કરીગેરકાયદેસર વીજ ચોરી કરતા રંગે હાથ પકડાયેલા અને આ કામનાં પ્રતિવાદીને વાદી કંપનીના ધારા ધોરણ મુજબ કરેલ વીજ ચોરી અંગે ગણતરી કરી

રૂ.૭૩૯૩૨.૪૦ પૈસા નું બીલ મોકલી આપવામાં આવેલ છે.

આ કામના પ્રતિવાદી સામે પોલીસ ફરીયાદ પણ કરવામા આવેલ જેનો ગુ.ર.નં.૩૭૪૬/૧૬ છે. અને પ્રતિવાદીને લેણી પડતી રકમ અંગે વારંવાર માં ગણી કરી કરાવી છતા રકમ ના ચુકવી આપતા વાદી કંપનીએ એડવોકેટ મારફતે તા.૨૫/૦૫/૨૦૧૭ ના રોજ રજી.પોસ્ટથી નોટીસ પણ મોકલેલ જે નોટીસનો રજી.પોસ્ટનો બીડો આ કામના પ્રતિવાદીએ લેવા ના પાડતા રીફ્યુઝડના શેરા સાથે પરત આવેલ છે.

જેથી આ કામના પ્રતિવાદી પાસે વીજ ચોરીના બીલના રૂ.૭૪૫૯ ૮.૬૬ પૈસા તથા તા.૩૦/૧૧/૨૦૧૭ સુધીના ૧૬% પ્રમાણેના વિલંબીત ચુકવણી ચાર્જના રૂ. ૧૮૪૩૭.૬૦ પૈસા તથા નોટીસ ખર્ચના રૂ.૧૦૦૦/– મળી કુલ રૂ. ૯૪,૦૩૬.૨૬ પૈસાનુ લેણુ પડે છે જે રકમ સહીત વસુલ મેળવવા સારુ હાલનો દાવો દાખલ કરવાની ફરજ પડેલ છે.

આ દાવાનું કારણ પ્રતિવાદીએ મર્હુમ ઉસ્માનભાઈ હકીમભાઈ વોરાના નામનુ વીજ કનેકશન વાપરવાનુ ચાલુ કર્યુ ત્યારથી અને તે અરસાથી તા.૩૦/૦૫/૨૦૧૬ ના રોજ વીજ ચોરી કરતા પકડાયા ત્યારથી અને તે અરસાથી તેમજ તે અંગે રોજકામ કરવામા આવેલ ત્યારથી અને તે અરસાથી તેમજ તે અંગે વાદી કંપનીએ વીજચોરીનુ બીલ મોકલવામા આવ્યુ ત્યારથી અને તે અરસાથી તેમજ આ કામના પ્રતિવાદી સામે ચોરી અં ગેની ફરીયાદ કરેલ ત્યારથી અને તે અરસાથી તેમજ તા.૨૫/૫/૨૦૧૭ ના રોજ વકીલ મારફત પ્રતિવાદી પાસે લેણી પડતી રકમની માંગણી કરતી નોટીસ આપી ત્યારથી અને તે અરસાથી નામદાર કોર્ટની હકુમતમાં ઉત્પન્ન થયેલ છે.

સબબ ઉપરોકત સમગ્ર હકીકતે હાલનો દાવો લાવી દાદ માંગેલ છે કે,આ કામનાં પ્રતિવાદી પાસે વીજ વપરાશ તથા વીજચોરીના બીલની ઉઘરેલ રકમ પેટે વસુલ આવેલ રકમ બાદ જતા મુદલ રૂ.૭૪,૫૯૮.૬૬ પૈસા તથા તે ઉપર તા.૩૦/૧૧/૨૦૧૭ સુધીના ૧૬% ના વિલંબીત ચુકવણી ચાર્જના રૂ. ૧૮,૪૩૭.૬૦ પૈસા તથા નોટીસના ખર્ચના રૂ. ૧૦૦૦/– નુ મળી કુલ રૂ. ૯૪,૦૩૬.૨૬ પૈસા નુ લેણુ પડે છે તે દાવાના તમામ ખર્ચ સહીત દાવાતારીખથી ૧૮% પ્રમાણેના વ્યાજ સહીત પ્રતિવાદીની હરેક પ્રકારની

સ્થાવર, જંગમ તથા જાત–મીલકત ઉપરથી વસુલ અપાવવા વાદીનાં લાભમાં હુકમનામું કરી આપવા અને અન્ય યોગ્ય લાગે તે દાદ અપાવવા અરજ કરેલ છે.

(૨) આ દાવાના કામે પ્રતિવાદીને દાવાના સમન્સ/ નોટીસની ધોરણસરની બજવણી થતા, પ્રતિવાદી તેમનાં વિધ્વાન વકીલશ્રી મારફત અદાલત સમક્ષ હાજર થયેલા અને વાદીની દાવા અરજી સામેનાં લેખીત વાંધા જવાબ આંક–૧૧થી રજુ કરેલ છે. જે વંચાણે લેતા જેમા તેઓએ જણાવેલ છે કે, વાદીની દાવાઅરજીને ડીલેલેચીઝ અને ઈકવીટીનો સ્પષ્ટ બાધ નડે છે તેમજ કોઝ ઓફ એકશનનો બાધ નડે છે તેમજ પ્રતિવાદી કયારેય ચોરી કરતા પકડાયેલ નથી અને જો પ્રતિવાદી વીજચોરી કરતા પકડાયેલ હોય તો તેની કોઈ વીડીયોગ્રાફી કે અન્ય દસ્તાવેજી પુરાવાથી વાદીએ સાબીત કરવુ જોઈએ. પ્રતિવાદીને કોઈ નોટીસ બજેલ નથી. મહૂમ ઉસ્માનભાઈ હકીમભાઈ વોરા સને ૨૦૦૦ની સાલમા મરણ પામેલ છે તેથી ઉસ્માનભાઈ હકીમભાઈ વોરાનુ વીજકનેકશન વાપરવાનુ ચાલુ કર્યુ ત્યારથી તે હકીકત ખોટી અને ઉપજાવી કાઢેલ છે. તા. ૧૪/૬/૨૦૧૬ નો કોઈ પોલીસ ફરીયાદ પ્ર તિવાદી ઉપર દાખલ થયેલ નથી. પ્રતિવાદીએ નવુ વીજ કનેકશન લીધેલ છે. જો રકમ બાકી હોય તો પ્રતિવાદીને વીજકનેક્શન કેવી રીતે મળી શકે અને સદર મીટર તેમના પિતાના નામનુ કોઈ લેબોરેટરીમા ટેસ્ટીંગ પણકરાવેલ નથી અને પ્રતિવાદીએ તેમના પત્નીના નામે ૨૦૧૯મા નવુ મીટર આપેલ છે અને તે સમયે કુલ રૂા. ૧૫,૦૦૦/– ઉતર ગુજરાત વીજ કં પની લી.મા ચુકવેલ છે અને પ્રતિવાદી વીજકનેકશન ધારણ કરે છે જેથી વીજચોરી કરવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. વાદીએ ખોટી અને ઉપજાવી કાઢેલ હકીકતો ઘડીને ખોટુ લેણુ ઉભુ કરી ખોટો દાવો કરેલ છે. વાદીની કોઈ લેણી રકમ પ્રતિવાદી પાસે કયારેય લેણી નીકળતી નથી. આમ વાદીનો દાવો તદ્દન ખોટો, બનાવટી અને ઉપજાવી કાઢેલી હકીકત વાળો હોય દાવો ખર્ચ સાથે રદ કરવા અરજ કરેલ છે.

**(3)**સદર કામમાં વાદીએ તેઓનાં દાવાનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

**–: મૌખિક પુરાવા :–**

| ક્રમ. | **સાહેદનું નામ.** | **આંક** |
|---|---|---|
| ૧. | સાહેદ મૃદંગ જયંતકુમાર ભાવસારનું પુરાવાનું સોગંદનામું. (નાયબ ઈજનેર, વીરમગામ ટાઉન સબ ડીવીઝન) | ૧૭ |

**–: દસ્તાવેજી પુરાવા :–**

| ક્રમ. | **દસ્તાવેજ.** | **આંક** |
|---|---|---|
| ૧ | ગ્રાહકના નીવેદનની નકલ | ૨૦ |
| ૨ | વીજચોરીના બીલની નકલ | ૨૧ |
| ૩ | પ્રતિવાદીને આપવામા આવેલ નોટીસ | ૨૨ |
| ૪ | પ્રતિવાદીને આપવામા આવેલ નોટીસનો પરત આવેલ બીડો | ૨૩ |
| ૫ | લેજરના ખાતાના ઉતારાની નકલ | ૨૪ |
| ૬ | પ્રતિવાદી સામે વીજચોરી અંગે કરેલ પોલીસ ફરીયાદની નકલ | ૨૫ |

ત્યારબાદ વાદી તરફે વિશેષ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોય આંક– ૨૭થી પુરાવો પુરો થયાની કલોઝીંગ પુરશીસ રજુ કરવામાં આવેલ છે.

(૪) સદર કામમાં પ્રતિવાદીએ તેઓનાં દાવાનાં સમર્થનમાં કોઈ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ નથી.

ત્યારબાદ પ્રતિવાદી તરફે વિશેષ કોઈ પુરાવો રજુ કરવા માંગતા ન હોય આંક–૨૮ થી પુરાવો પુરો થયાની કલોઝીંગ પુરશીસ રજુ કરવામાં આવેલ છે.

(૫) સદર દાવાનાં કામે વાદી તરફે વિ.વ.શ્રીની વિસ્તૃત દલીલો સાં ભળી તેમજ પ્રતિવાદી તરફે વિ.વ.શ્રી ની દલીલો સાંભળી.

**વાદી તરફે દલીલ:–**

સદર કામે વાદીના વિ.વ.શ્રીનાઓએ મૌખિક દલીલો કરી રજુઆત કરેલ છે કે સદર કામના પ્રતિવાદીએ મર્હુમ ઉસ્માનભાઈ હકીમભાઈ વોરાના

નામનુ વીજકનેકશનનો ઉપયોગ વાદી કંપનીની સમંતિ સીવાય કરતા આવેલ છે અને વાદી કંપનીના જુનીયર એન્જીનીયશ્રી એમ.યુ.મનસુરી તા.૩૦/૦૫/૨૦૧૬ ના રોજ સરપ્રાઈઝ ચેકીંગમાં નીકળેલ ત્યારે આ કામના પ્રતિવાદી તેમના મકાનની બાજુમા આવેલ પોલ ઉપર કાળા રંગનો આશરે ૮ મીટર વાયર હુકીંગ કરીને વાયરનો બીજો છેડો મકાનના ધાબા ઉપરથી પસાર કરીને ડાયરેકટ મેઈન લાઈનમા આપીને મીટરને બાયપાસ કરી ગેરકાયદેસર વીજ ચોરી કરતા રંગે હાથ પકડાયેલા અને આ કામનાં પ્રતિવાદીને વાદી કંપનીના ધારા ધોરણ મુજબ કરેલ વીજ ચોરી અંગે ગણ તરી કરી રૂા.૭૩૯૩૨.૪૦ પૈસા નું બીલ મોકલી આપવામાં આવેલ છે.આ કામના પ્રતિવાદી સામે પોલીસ ફરીયાદ પણ કરવામા આવેલ જેનો ગુ.ર.નં .૩૭૪૬/૧૬ છે. અને પ્રતિવાદીને લેણી પડતી રકમ અંગે વારંવાર માંગર૦ણી કરી કરાવી છતા રકમ ના ચુકવી આપતા વાદી કંપનીએ એડવોકેટ મારફતે તા.૨૫/૦૫/૨૦૧૭ ના રોજ રજી. પોસ્ટથી નોટીસ પણ મોકલેલ.વધુમા રેકર્ડ જોતા ચેકીંગ અધીકારીને પ્રતિવાદી સાથે કોઈ પુર્વગ્રહ હોય તેવુ કાઈ જણાઈ આવતુ નથી. આ કામે પ્રતિવાદી સામે હાલના વાદીએ ઈલે. ૧૩૫(૧) મુજબની ફરીયાદ કરવામાં આવેલ છે. તે અંગે આ કામના પ્ર તિવાદીએ કોઈ વાંધો લીધેલ નથી.આમ પ્રતિવાદી વાદી કંપનીના ગ્રાહક નથી જેથી વીજ વપરાશ કરવાનો કાયદેસર હક ન હોવા છતા વીજવપરાશ કરેલ છે જે ગેરકાયદેસર છે. જેથી હાલના વાદીનો દાવો મંજુર કરવા અરજ કરેલ છે.

**પ્રતિવાદીની દલીલ:-**

સદર કામે પ્રતિવાદીના વિ.વ.શ્રી દવારા મૌખિક દલીલો કરેલા છે અને પોતાના આંક-૧૧ થી રજુ જવાબને સમર્થન આપેલ છે અને જણાવેલ છે કે વાદીની દાવાઅરજીને ડીલેલેચીઝ અને ઈકવીટીનો સ્પષ્ટ બાધ નડે છે તેમજ કોઝ ઓફ એકશનનો બાધ નડે છે તેમજ પ્રતિવાદી કયારેય ચોરી કરતા પકડાયેલ નથી અને જો પ્રતિવાદી વીજચોરી કરતા પકડાયેલ હોય તો તેની કોઈ વીડીયોગ્રાફી કે અન્ય દસ્તાવેજ પુરાવાથી વાદીએ સાબીત કરવુ જોઈએ. પ્રતિવાદીને કોઈ નોટીસ બજેલ નથી. મહૂમ ઉસ્માનભાઈ હકીમભાઈ વોરા

સને ૨૦૦૦ની સાલમા મરણ પામેલ છે તેથી ઉસ્માનભાઈ હકીમભાઈ વોરાનુ વીજકનેકશન વાપરવાનુ ચાલુ કર્યુ ત્યારથી તે હકીકત ખોટી અને ઉપજાવી કાઢેલ છે. તા. ૧૪/૬/૨૦૧૬ નો કોઈ પોલીસ ફરીયાદ પ્રતિવાદી ઉપર દાખલ થયેલ નથી. પ્રતિવાદીએ નવુ વીજ કનેકશન લીધેલ છે. જો રકમ બાકી હોય તો પ્રતિવાદીને વીજકનેક્શન કેવી રીતે મળી શકે અને સદર મીટર તેમના પિતાના નામનુ કોઈ લેબોરેટરીમા ટેસ્ટીંગ પણ કરાવેલ નથી અને પ્રતિવાદીએ તેમના પત્નીના નામે ૨૦૧૯મા નવુ મીટર આપેલ છે અને તે સમયે કુલ રૂા. ૧૫,૦૦૦/– ઉતર ગુજરાત વીજ કંપની લી.મા ચુકવેલ છે અને પ્રતિવાદી વીજકનેકશન ધારણ કરે છે જેથી વીજચોરી કરવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. વાદીએ ખોટીઅને ઉપજાવી કાઢેલ હકીકતો ઘડીને ખોટુ લેણુ ઉભુ કરી ખોટો દાવો કરેલ છે. વાદીની કોઈ લેણી રકમ પ્રતિવાદી પાસે કયારેય લેણી નીકળતી નથી. આમ વાદીનો દાવો તદ્દન ખોટો, બનાવટી અને ઉપજાવી કાઢેલી હકીકત વાળો હોય દાવો ખર્ચ સાથે રદ કરવા અરજ કરેલ છે.

(૬) આમ, ઉપરોકત હકીકતે સદરહું દાવાનાં ન્યાયીક નિર્ણય માટે આંક– ૧૨ થી નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત કરવામાં આવેલા છે.

**–:: મુદા::–**

૧.શું વાદી સાબિત કરે છે કે, આ કામના પ્રતિવાદી ગેરકાયદેસર રીતે વીજચોરી કરતા પકડાયેલ અનેવાદી કંપની દવારા પ્ર તિવાદીને આકારણી મુજબ રૂા.૭૩,૯૩૨.૪૦ પૈસાનુ બીલ આપવામા આવેલુ?

૨. શું વાદી સાબિત કરે છે કે, તેઓની કંપનીનુ મુદલ રૂા.૭૪,૧૩૩.૨૪ પૈસા તથા તે ઉપરના ૧૮% પ્રમાણેના વીલંબીત ચુકવણી ચાર્જના રૂા.૧૨,૨૩૧.૯૫ પૈસા મળી કુલ રૂા.૮૬,૩૧૫.૧૯ પૈસાનુ વાદી કંપનીનુ લેણુ બાકી નીકળે છે?

૩. શું વાદી સાબિત કરે છે કે, તેઓની કંપનીએ આ કામના પ્રતિવાદી પાસે

અવારનવાર માંગણી કરવા છતા પ્રતિવાદીએ કાઈ રકમ વસુલ ન આપતા વાદી કંપનીએ તેમના વકીલશ્રી મારફતે તા.૨૫/૫/૧૭ ના રોજ પ્રતિવાદીને રજી.પોસ્ટથી નોટીસ મોકલાવેલ, જે નોટીસ પ્રતિવાદીએ લેવાની ના પાડતા રીફ્યુઝડના શેરા સાથે પરત આવેલ છે?

૪. શું વાદી સાબીત કરે છે કે પ્રતિવાદીના ખાતે ઉધારેલ વીજ વપરાશ તથા વીજચોરીના બીલની રકમ મળી વાદી કંપનીનુ મુદલ રકમ રૂા.૭૪૫૯ ૮.૬૬ પૈસા તથા તા. ૩૦/૧૧/૨૦૧૭ સુધીના ૧૬ % પ્રમાણેના વીલંબીત ચુકવણી ચાર્જના રૂા.૧૮,૪૩૭.૬૦ પૈસા તથા નોટીસખર્ચના રૂા. ૧૦૦૦/- મળી કુલ રૂા.૯૪૦૩૬.૨૬ પૈસાનુ પ્રતિવાદી પાસે લેણુ નીકળે છે?

૫.શુ વાદી દાવાઅરજીના પેરા-૮ મા માંગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે?

૬. શુ હુકમ અને હુકમનામુ?

(૭) પ્રસ્તુત મુદાઓ અંગેનાં મારા ન્યાયીક નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમાં

૨. નકારમાં

૩. હકારમાં

૪. નકારમાં

૫. નકારમાં

૬. આખરી હુકમ મુજબ.

આમ દાવાનાં નિકાલ માટે ઉપસ્થિત કરવામાં આવેલાં આંક–૧૨ના મુદાઓ સંબંધે નાં મા। ન્યાયીક નિર્ણય અંગે નાં કારણો ની ચર્ચા નીચે મુજબ કરુ છું.

**–:કારણો:–**

મુદ્દા નં.૧ થી ૫ :–

(૮) આ કામે મુદ્દા નં.૧ થી ૫ ની હકીકત અને કાયદાની દ ષ્ટીએ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલા હોય અને હકીકતોનું પુનરાવર્તન ન થાય તે હેતુથી સદર મુદ્દાઓની સંયુકત રીતે ચર્ચા કરવામાં આવે છે.

દીવાની દાવાઓમાં જે પક્ષકાર જે હકીકત નું અસ્ત્વિ હોવાનું અદાલત સ્વીકારે તેવું ઈચ્છતી હોય તેણે તેવી હકીકતો નાં અસ્તિત્વ અંગે નો પુરાવો ભારતીય પુરાવા અધિનિયમ ની કલમ–૧૦૧ તથા ૧૦૨ મુજબ રજુકરીને તેવી હકીકતો પુરવાર કરવી જોઈએ. હાલનાં આ દાવાને લાગે વળગે છે ત્યાં સુધી વાદી ઉપર તેમના દાવાની હકીકત નું અસ્તિત્વ હોવાનું પુરવાર કરવાની જવાબદારી છે. તેથી વાદીએ તેમના દાવાની હકીકતો પુરવાર કરવી જોઈએ. ત્યારબાદ જ વાદીના પુરાવાનું ખંડન કરવાની જવાબદારી અને સાબિતીનો બોજ પ્રતિવાદીની શીરે રહે છે.

(૦૯)આ કામે વાદી મૃદંગ જયંતકુમાર ભાવસાર તેમના પુરાવાનું સોગં દનામું આંક–૧૭ થી રજુ કરેલ છે. જેમાં તેઓએ દાવાની હકીકતોનું પુનરાવર્તન કરેલ છે. તેઓએ જણાવેલ છે કે, વાદી કંપનીના જુનીયર એન્જીનીયશ્રી એમ.યુ.મનસુરી તા.૩૦/૦૫/૨૦૧૬ ના રોજ સરપ્રાઈઝ ચેકી ગમાં નીકળેલ ત્યારે આ કામના પ્રતિવાદી તેમના મકાનની બાજુમા આવેલ પોલ ઉપર કાળા રંગનો આશરે ૮ મીટર વાયર હુકીંગ કરીને વાયરનો બીજો છેડો મકાનના ધાબા ઉપરથી પસાર કરીને ડાયરેકટ મેઈન લાઈનમા આપીને મીટરને બાયપાસ કરી ગેરકાયદેસર વીજ ચોરી કરતા રંગે હાથ પકડાયેલા અને આ

કામનાં પ્રતિવાદીને વાદી કંપનીના ધારા ધોરણ મુજબ કરેલ વીજ ચોરી અંગે ગણતરી કરી રૂા.૭૩૯૩૨.૪૦ પૈસા નું બીલ મોકલી આપવામાં આવેલ છે. આ કામના પ્રતિવાદી સામે પોલીસ ફરીયાદ પણ કરવામા આવેલ જેનો ગુ.૨નં.૩૭૪૬/૧૬ છે. અને પ્રતિવાદીને લેણી પડતી રકમ અંગે વારંવાર માંગણી કરી કરાવી છતા રકમ ના ચુકવી આપતા વાદી કં પનીએ એડવોકેટ મારફતે તા.૨૫/૦૫/૨૦૧૭ ના રોજ રજી. પોસ્ટથી નોટીસ પણ મોકલેલ જે નોટીસનો રજી.પોસ્ટનો બીડો આ કામના પ્રતિવાદીએ લેવા ના પાડતા રીફ્યુઝડના શેરા સાથે પરત આવેલ છે. જેથી હાલનો દાવો કરેલ છે.

સદર વાદીની પ્રતિવાદીના વિ.વ.શ્રી દવારા કરવામા આવેલા ઉલટતપાસમા એ હકીકતનો સ્વિકાર કરેલ છે કે પ્રતિવાદીના નામનુ વીજ કનેકશન હતુ નહી તેમજ સદર વાદી દવારા જે બીલ મોકલવામા આવેલ છે મર્હુમ ઉસ્માનભાઈ હકીમભાઈના નામનુ વીજ કનેકશન ચાલે છે અને વાદી તરફથી જે વીજ બીલ મુકેલ છે તે ઉસ્માનભાઈ હકીમભાઈના નામનુ છે તેમજ પ્રતિવાદીના નામનુ મકાન છે તે અંગેનો માલીકીનો પુરાવો રજુ કરેલ નથી. એ હકીકત કબુલ રાખેલ છે કે હાલના કામે ફોટોગ્રાફી કે વીડીયોગ્રાફી રજુ કરેલ નથી.

**(૧૦)** આ કામે વાદીએ પ્રતિવાદી પાસેથી વીજ ચોરીની લેણી રકમની માંગણી કરેલ છે અને સદર હકીકત પ્રસ્થાપિત કરવા માટે આંક–૧૭ થી નાયબ ઈજનેરશ્રીનાઓનું પુરાવાનું સોગંદનામું રજુ થયેલ છે. જે સોગંદનામામાં વાદી સાહેદે દાવા અરજી મુજબની હકીકતો જણાવેલ છે અને તેઓએ જણાવેલ છે કે, આ કામે વાદી કંપનીનાં પ્રતિવાદી પાસ ે ગણતરી કર્યા મુજબ ડીલે પેમેન્ટ ચાર્જ સહિતની રકમ બાકી લેણા રહે છે. વાદીએ પોતાનો કેસ પોતાના પુરાવાથી પ્રસ્થાતિ કરવો જરૂરી છે અને તે માટે વાદીએ આંક– *૨૦*થી આંક– *૨૫* મુજબનાં દસ્તાવેજી

પુરાવાઓ રજુ કર્યા છે.આ કામે આંક– ૨૦ થી સ્થળરોજકામની નકલ રજુ છે જેમા ગ્રાહક તરીકે ઉસ્માનભાઈ હકીમભાઈ વોરાનુ નામ દર્શાવેલ છે અને *આ કામનાં પ્રતિવાદીને ત્યાં તા.૩૦/૦૫/૨૦૧૬ નાં રોજ વીજ ચેકીંગ કરવામાં આવતા, " ચેકીંગ દરમ્યાન તેઓ કાળા રંગના વધારાના વાયર વડે વીજ ચોરી કરતા રંગેહાથ ઝડપાયેલ છે." જે સ્થળ રોજકામ જોતા તેમાં ચેકીંગ અધીકારીની સહી છે.* ***પરંતુ તેમા પ્રતિવાદી મહમંદઇલીયાસ ઉસ્માનગની વોરાનુ નામ દર્શાવેલ નથી. કે તેમની સહી નથી.*** *તથા આંક–૨૧ થી પાવર ચોરીનું બીલ રજુ કરવામાં આવેલ છે. જેમા કુલ બાકી નીકળતી રકમ રૂા.૭૫૯૩૨.૪૦ પૈસા દર્શાવેલ છે. જે રકમમા એનર્જી ચાર્જ પેટે રૂા.૫૦૧૯૭.૨૦ પૈસા, ફ્યુઅલ ચાર્જ પેટે રૂા.૧૪૦૯૧.૮૪ પૈસા, વિધ્યુતશુલ્ક પેટે રૂા.૯૬૪૩.૩૬ પૈસા દર્શાવેલ છે. જયારે ફીકસ ચાર્જ, મીનીમમ ચાર્જ, રીએકટીવ ચાર્જ, મીટર ચાર્જ, વિલંબીત ચાર્જ, પ્રોવીઝનલ બીલમા કોઈ રકમ દર્શાવેલ નથી. આમ વાદી કંપનીએ પ્રતિવાદીને કુલ રૂા.૭૫૯૩૨.૪૦પૈસા લેખે વીજચોરી અંગે બીલ આપેલ છે. જે બીલમાં ઉસ્માનભાઇ હકીમભાઇનુ નામ, બીલની કુલ રકમના કોલમમાં રૂા.૭૫૯૩૨.૪૦ પૈસા દર્શાવેલ છે. જે બીલમા મીટર રીડરની સહી પણ છે.* ***પરંતુ તેમા પ્રતિવાદી મહમંદઇલીયાસ ઉસ્માનગની વોરાનુ નામ દર્શાવેલ નથી.*** *આંક–૨૨ થી પ્રતિવાદીને આપવામા આવેલ આખરી નોટીસ રજુ છે જે તેમના નામ જોગ નોટીસ છે. જેમા વીજચોરીની રકમનો પણ ઉલ્લેખ કરવામાં આવેલ છે. જેમા નાયબ ઈજનેર યુ.જી.વી.સી.એલ.ની સહી છે તેમજ તેમના નામ જોગ નોટીસ પ્રતિવાદીના સરનામે મોકલવામાં આવેલ છે.* ***પરંતુ તે સદર નોટીસનો બીડો રીફ્યુઝડના શેરા સાથે પરત ફરેલ છે.*** *આંક–૨૪ થી વાદી કંપનીના લેઝર ઉપરથી પ્રતિવાદીના ઉતારેલ વીજ વપરાશના ખાતાની ખરી નકલ રજુ થયેલ છે, જે વંચાણે લેતા, જેમાં કન્ઝ્યુમર તરીકે ઉસ્માનભાઈ હકીમભાઈનું નામ દર્શાવેલ છે અને ગ્રાહક નં. ૨૫૬૦૨/૦૨૧૯૯/૦ અને કુલ રકમના કોલમમાં રૂા.૪૬૫.૪૨ પૈસા ખાતાનો ઉતારો જોતાં બાકી જણાઈ આવે છે. પરંતુ* ***તેમા પ્રતિવાદી મહમંદઇલીયાસ ઉસ્માનગની વોરાનુ નામ દર્શાવેલ નથી.****આ કામે આંક–*

*૨૫ થી એફ.આઈ.આર. રજુ છે તેમા તહોમતદારના નામમા ઉસ્માનભાઈ હકીમભાઈ વોરાનુ નામ દર્શાવેલ છે.* ***પરંતુ તેમા પ્રતિવાદી મહમંદઈલીયાસ ઉસ્માનગની વોરાનુ નામ દર્શાવેલ નથી.***

આમ સદર કામે રજુ થયેલ ગ્રાહકના નીવેદનમા *ઉસ્માનભાઈ હકીમભાઈ વોરા*નુ નામ દર્શાવેલ છે તેમા હાલના ઉપભોકતા ***મહમંદઈલીયાસ ઉસ્માનગની વોરા***નુ નામ દર્શાવેલ નથી. આંક–૨૨ થી રજુ નોટીસ ધ્યાને લેતા તેમા *ઉસ્માનભાઈ હકીમભાઈ વોરા*નુ નામ દર્શાવેલ છે તેમા હાલના ઉપભોકતાનુ નામ જણાવેલ નથી. આ કામે રજુ કરવામા આવેલ વીજચોરીના બીલમા પણ *ઉસ્માનભાઈ હકીમભાઈ વોરા*નુ નામ જણાઈ આવે છે આ કામે રજુ કરવામા આવેલ પોલીસ ફરીયાદમા પણ *ઉસ્માનભાઈ હકીમભાઈ વોરા*નુ નામ જણાઈ આવે છે. જે પુરવણી બીલ રજુ કરવામા આવેલ છે તેમા પણ ***મહમંદઈલીયાસ ઉસ્માનગની વોરા***નુ નામ જણાઈ આવતુ નથી. આ કામે રજુ કરવામાં આવેલ લેજરનો ઉતારો જોવામા આવે તો પણ તેમા *ઉસ્માનભાઈ હકીમભાઈ વોરા*નુ નામ દર્શાવેલ છે. પરંતુ તેમા પણ ***મહમંદઈલીયાસ ઉસ્માનગની વોરા***નુ નામ જણાઈ આવતુ નથી. આમ હાલના પ્રતિવાદી ***મહમંદઈલીયાસ ઉસ્માનગની વોરા*** વિજ ચોરી કરતા હોય કે તેમણે કરેલ વિજ ચોરીના કારણે વાદીની લેણી રકમ બાકી હોય તે દર્શાવતા કોઈ દસ્તાવેજી આધાર વાદી તરફે રજુ થયેલ નથી કે તેઓ ઉપભોકતા હોય તે દર્શાવતા કોઈ દસ્તાવેજી આધાર વાદી તરફે રજુ થયેલ નથી. આમ, આ કામે રજુ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા ધ્યાને લેતા તેમા ***મહમંદઈલીયાસ ઉસ્માનગની વોરા***નુ નામ જણાઈ આવતુ ન હોય, જેથી સદર કામે રજુ થયેલ ઉપરોકત દસ્તાવેજો ધ્યાને લેતા વાદી કંપની હાલનાં પ્રતિવાદી પાસેથી લેણી રકમ મેળવવા હકકદાર ન હોવાનું જણાય આવે છે.

(૯) સદર કામે વાદીએ પ્રતિવાદી પાસેથી રૂ.૯૪૦૩૬.૨૬ પૈસા ૧૬ % લેખે દાવાની તારીખથી વિલંબીત ચુકવણી ચાર્જ સહીત તેમજ દાવાનો ખર્ચ પ્રતિવાદી પાસેથી વસુલ અપાવવાનું વાદીના લાભમાં હુકમનામું કરવા દાવો કરેલ છે. સદર કામમાં ઉપરોકત ચર્ચા કરેલ છે તે મુજબ વાદી કંપની દવારા રજુ થયેલ ઉપરોકત દસ્તવોજી પુરાવાથી આ કામના વાદી પ્રતિવાદી પાસે રૂ.

૯૪૦૩૬.૨૬ પૈસા મેળવવા હકકદાર રહેતા નથી. આથી **મુદા નં. ૧ અને ૩ નો જવાબ હકારમાં આપી તથામુદા નં. ૨,૪ અને ૫ નો જવાબ 'નકારમાં'** આપી **મુદા નં. ૬** પરત્વે ન્યાયના હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–:: આ ખ રી હુ ક મ ::–**

(૧)આ કામનાં વાદીનો હાલનો દાવો નામંજુર કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) દાવા અંગેનો ખર્ચ બંને પક્ષકારોએ પોત પોતાની રીતે ભોગવવાનો રહેશે.

(૩)હુકમ મુજબ હુકમનામું દોરવું.

આ હુકમ આજતારીખ : ૨૫ મી માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ ખુલી અદાલતમા વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.

વિરમગામ **(કીર્તી શર્મા)**

તા. ૨૫–૦૩ –૨૦૨૬ Judge Code-GJ 01721

અધિક સિવિલ જજ,વિરમગામ